# ૯ મો સિતારો

: લેખક :

## સૈયદુલ ઓલમા મૌલાના અલી નકી સાહેબ કિબ્લા મુજતહીદ


: E-PUBLISHER :

www.hadilibrary.org

: પ્રકાશક :

ભાવનગર ખોજા શિયા

ઈશ્ના અશરી જમાત

સાલગ્રેહ કમિટિ,

ખોજાવાડ, ભાવનગર

| | | |
|---|---|---|
| કિતાબનું નામ | : | ૯ મો સિતારો |
| વિષય | : | ઈમામ મોહમ્મદ તકી(અ.) નો ટૂંકો જીવન પરિચય |
| લેખક | : | અલી નકી સાહેબ મુજતહીદ |
| મુદ્રક | : | દિપક પ્રિન્ટર્સ<br>અલકા રોડ, ભાવનગર |

નવમા સિતારાની ૧૨૦૦ મી જન્મ જયંતિ પ્રસંગે

| | | |
|---|---|---|
| આવૃતિ | : | ૧૨૦૦ મી જન્મ જયંતી |
| ઈ–પબ્લીશર | : | www.hadilibrary.org |
| ઈ–આવૃતિ | : | મે – ૨૦૧૬ |

## જાહેર ખબરો

૧. પ્રેસીડેન્ટ ઈન્ડસ્ટ્રીઝ

<u>ઓફિસ:</u> પોસ્ટ બેગ નં.૪, ગંગા જળિયા તળાવ, ભાવનગર (ફોન: ૫૮૪૮)

<u>ફેકટરી:</u> ૯૫/૫, ચિત્રા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ચિત્રા, ભાવનગર

૨. ભાવનગર વેજીટેબલ પ્રોડકટસ લી.

બંદર રોડ, ભાવનગર

૩. જીવાણી ચા

સંઘેડીયા બજાર, ભાવનગર

૪. અસારીયા બ્રીક મેન્યુ. કુાં.

પ્રોઃ અકબરઅલી જે. અસારીયા

દાણા પીઠ, ભાવનગર

ફોનઃ (ઓ.) ૫૮૫૪ (ઘર) ૬૩૨૩

૫. બેસ્ટ (૨૧૫) સાબુ, વરતેજ પ્રોડકટસ

સ્ટેશન રોડ, ભાવનગર

૬. મરચન્ટ ડુપ્લીકેટર્સ, હાઈ કોર્ટ રોડ,

રત્નદીપ સામે, પહેલે માળે,

ભાવનગર–૩૬૪001

૭. ખીઝર ઈન્ડસ્ટ્રીઝ

દાણાપીઠ પાછળ, ભાવનગર

૮. જનતા પ્રોવીઝન સ્ટોર

પ્રો. એસ. કે. જમાણી એન્ડ સન્સ

રેલ્વે હોસ્પીટલ પાસે, ભાવનગર પરા

ભાવનગર (ફોનઃ ૩૫૨૬)

૯. ભાવનગર ઓઈલ ટ્રેડીંગ કું.

માામા કોઠા, કરચલિયા પરા,

ભાવનગર

# અનુક્રમણિકા

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

## Contents

જાહેર ખબરો....................................................3

અનુક્રમણિકા ....................................................6

નામ અને કુળ ....................................................8

જન્મ....................................................9

ઉછેર અને તાલીમ....................................................9

ઈરાકનો પ્રથમ પ્રવાસ ....................................................10

આલિમો સાથે મુનાઝેરા ....................................................12

મદીના તરફ ....................................................20

ચારિત્ર્યઅને વિશિષ્ટતા ....................................................20

તબ્લીગ અને હિદાયત....................................................26

ઈરાકનો છેલ્લો પ્રવાસ....................................................27

વફાત....................................................29

રઝવી સય્યદ ....................................................30

# મોહમ્મદ તકી (અ.)

## લેખક : સય્યદુલ ઓલમા મવલાના

## નકી સાહેબ કિબ્લા મુજતહેદ સય્યદ અલી

### બિસ્મીલ્લાહિર્રહમાનિર રહીમ

જીવન અમર હોય છે, જો માનવીઓ સામે એ સાચા નમૂનારૂપ આવ્યું હોય. તે આયુષ્ય અંતાવાની સાથે એ આંખોથી ઓઝલ થઈ જાય છે, પરંતુ એની મજબુત છાપ માનવ મગજ પર અંકિત થઈ જાય છે, જે કદી ભુંસાવાની નથી.

સિલસિલાએ આલે મોહમ્મદ(સ.)માં હઝરત ઈમામ મોહમ્મદ તકી(અ.)ની હેસીયત પણ આજ છે, કે આપની વય આપની પહેલાંના અને પછીના ઈમામો કરતા સૌથી ઓછી હતી, પરંતુ ઈલ્મી અને

અમલી વિશિષ્ટતાઓમાં આપનું મહત્વ એવું જ હતું, જે બીજા ઈમામોનું હતું.

## ૧. નામ અને કુળ

નામ મોહમ્મદ, અબુ જા'ફર અટક અને તકી અને જવ્વાદ આ બંને આપના વિખ્યાત લકબ હતા. આથી નામ અને લકબને મેળવીને આપને ઈમામ મોહમ્મદ તકી (અ.)ના નામે યાદ કરવામાં આવે છે. આ પહેલાં ઈમામ મોહમ્મદ બાકિર(અ.)ની અટક પણ અબુ જા'ફર હોવાથી આપને કિતાબોમાં 'બીજા અબુ જાફર'ના નામે અને બીજા લકબો સન્મુખ રાખીને હઝરતે જવ્વાદ પણ કહેવામાં આવે છે. આપના વાલીદ હઝરત ઈમામ રઝા(અ.) અને વાલેદાનું નામ બીબી ખઝરાન કે સકીના હતું.

## ૨. જન્મ

૧૦ મી રજબ, હિજરી સન ૧૯૫ માં મદીનામાં આપનો જન્મ થયો. એ વેળા બગદાદમાં હારૂન અલ રશીદનો પુત્ર અમીન રાજગાદીએ હતો.

## ૩. ઉછેર અને તાલીમ

આ કરૂણતા છે કે આપને બાળવયથી જ સંકટોને ઝીલવા તૈયાર રહેવું પડયું. પિતાની હુંફમાં જીવન વિતાવવાની તક આપને ઓછી મળી. આપ પાંચ વરસના હતા, ત્યારે ઈમામ રઝા(અ.) મદીનાથી ખુરાસાનના પ્રવાસે ગયા. એ ઘડીથી વિખુટા પડેલા પિતા–પુત્રને પછી મળવાનો પ્રસંગ ન સાંપડયો. ઈમામ મોહમ્મદ તકી (અ.)થી વિખુટા પડયાને ત્રીજા વરસે ઈમામ રઝા(અ.)ની વફાત થઈ. વિશ્વ સમજવા લાગ્યું કે, હવે ઈમામ માટે ઈલ્મી અને

અમલી બુલંદીઓ સુધી પહોંચવાનું સાધન ન રહ્યું. જે મશાલ આપના પૂર્વજોએ પેટાવી હતી એ હવે બુઝાઈ જશે, પરંતુ આવું માનનારા ભ્રમમાં હતા. અલ્લાહની કુદરત ન્યારી હતી. થોડાક જ દિવસો પછી કુમળી વયના આ ઈમામને મામૂન પાસે બેસીને મોટા મોટા આલિમો સાથે ફિકહ અને હદીસની ચર્ચા કરતા અને મુનાઝેરા કરતા જોવામાં આવ્યા, ત્યારે લોકો અચંબામાં ગરકાવ થઈ ગયા.

## ૪. ઈરાકનો પ્રથમ પ્રવાસ

ઈમામ રઝા(અ.)ને મામુને ‘વલી અહદ’ નિમ્યા અને બની અબ્બાસ સાથેના સંબંધને ફગાવીને બની ફાતેમા સાથે સંબંધ જોડવા મામુનની રાજનીતિએ પલ્ટો લીધો, ત્યાં મામુને આ સંબંધો વધારવા માટે પોતાની બહેન ઉમ્મે હબીબાના નિકાહ

હઝરત ઈમામ રઝા(અ.)સાથે કર્યા અને પોતાની પુત્રી ઉમ્મુલ ફઝલનું સગપણ હઝરત ઈમામ મોહમ્મદ તકી (અ.) સાથે કરવાની જાહેરાત કરી. મામુને જયારે આ જોયું કે, આવા સગપણો છતાય ઈમામ રઝા(અ.) પોતાની ફરજ બજાવણીમાંથી જરાય ચલિત થતા નથી, ત્યારે એણે પોતાના રાજયને ટકાવી રાખવા ખાતર ઈમામ રઝા(અ.)ને ઝેર આપીને દૂર કરી દેવાનો નિર્ધાર કર્યો.

પરંતુ મામુન એ હેતુને ત્યાગી ન શકયો, જે હેતુસર એણે ઈમામ રઝા(અ.)ને 'વલી અહદ' બનાવ્યા હતા અને ઈરાની કૌમ અને શીઆઓની જમાતને કબ્જામાં રાખવા ચાહી હતી. તેનો એ હેતુ હજી જેમનો તેમજ હતો. મામુને એક બાજુએ ઈમામ રઝા(અ.)ની વફાતથી ઉંડો શોક વ્યકત કર્યો, જેથી એની ઉપર આપને ઝેર આપવાનું આળ ન આવી શકે અને બીજી બાજુએ એણે પુત્રીનું સગપણ ઈમામ

મોહમ્મદ તકી (અ.) સાથે કર્યુ અને એ સગપણને પુરૂં કરવા ઈમામ મોહમ્મદ તકી(અ.)ને મદીનાથી ઈરાક તેડાવ્યા, જેથી એ ઉમ્મે ફઝલના નિકાહ આપની સાથે વહેલી તકે કરી દે.

## ૫. આલિમો સાથે મુનાઝેરા

મામુને ઈમામ અલી રઝા(અ.)ને ‘વલી અહદ’ બનાવ્યા, એટલે આ બાબતને સહન કરવાનું બની અબ્બાસ માટે અશકય થઈ પડયું. ઈમામ રઝા(અ.)ની વફાતથી બની અબ્બાસને કંઈક અંશે સંતોષ થયો અને તેઓએ મામુન પાસેથી એના ભાઈ મોઅતમીનની ‘વલી અહદ’ તરીકે જાહેરાત પણ કરાવી, જે પાછળથી મોઅતસીમ બિલ્લાહના નામે ખલીફા તરીકે સ્વીકારાયો. તદઉપરાંત ઈમામ અલી રઝા(અ.)ના સમયમાં બની અબ્બાસીઓના ખાસ

લિબાસ—કાળા લિબાસને ફગાવીને લીલા લિબાસનો રીવાજ પ્રચલિત થયો હતો, એને અંતાવીને પુનઃ કાળા લિબાસનો રીવાજ પ્રચલિત કર્યો.

મામુન, બની અબ્બાસની એક પછી એક વાતને માનતો ગયો, એટલે તેઓ એવું સમજવા લાગ્યા કે, મામુન એમના કબ્જામાં આવી ગયો છે, પણ મામુને ઈમામ મોહમ્મદ તકી(અ.)ને પોતાના જમાઈ બનાવ્યા એટલે એ પુનઃ બની અબ્બાસ માટે ચિંતાનો વિષય થઈ પડયો.

બની અબ્બાસ લાગણી પર કાબુ ન રાખી શકયા અને એક પ્રતિનિધી મંડળ સ્વરૂપે મામુન સમક્ષ આવીને પોતાના દિલની વાત કહી દીધી. એમણે કહ્યું કે, ઈમામ રઝા(અ.) સાથે તમે જે રીત અપનાવી હતી, એ અમને નાપસંદ હતી, છતાં ઈમામ રઝા(અ.)ની કાબેલિયતને જોતાં અમે એ વેળા શાંત રહ્યાં, પણ ઈમામ મોહમ્મદ તકી (અ.)

તો અત્યારે  સાવ નાના છે. એક બાળકને આટલો મોટો દરજજો આપવો ખલીફાને શોભાભર્યુ નથી. તમે ઉમ્મે હબીબાના નિકાહ ઈમામ રઝા(અ.) સાથે કર્યા એથી તમને શો લાભ થયો કે, હવે તમે તમારી પુત્રી ઉમ્મે ફઝલના નિકાહ ઈમામ મોહમ્મદ તકી(અ.) સાથે કરી રહ્યા છો?

મામુને આ બધું સાંભળ્યા પછી કહ્યું કે, ઈમામ મોહમ્મદ તકી(અ.) બેશક વયમાં નાના છે, પરંતુ ઈલ્મી લાયકાતમાં નાના નથી. તમે ઈચ્છો  તો એમની પરિક્ષા કરી શકો છો.

મામુનનો આ માત્ર ન્યાયભર્યો જવાબ ન હતો, બલ્કે બની અબ્બાસને પડકાર હતો, મુનાઝેરા માટેનો પડકાર, પ્રતિનિધી મંડળે એ પડકારને ઝીલીને બગદાદના એ સમયના સૌથી મોટા આલિમ યહ્યા ઈબ્ને અકસમને ઈમામ સામે મુનાઝેરા માટે પસંદ કર્યા.

મામુને મુનાઝેરાની વ્યવસ્થા કરી. લોકોમાં પવન વેગે આ વાત પ્રસરી ગઈ કે, એક બાળક અને એક મોટા આલિમ વચ્ચે ‘દીની ચર્ચા’ થનાર છે, એટલે તેઓ મોટી સંખ્યામાં મુનાઝેરા વેળા હાજર રહ્યા. મામુને ઈમામ મોહમ્મદ તકી(અ.)ને મુનાઝેરાવાળા સ્થળે પોતાની બાજુમાં જગ્યા આપી અને સામે બગદાદના મોટા આલિમ યહ્યા બેઠા. લોકો શાંત ચિત્તે મુનાઝેરો શરૂ થવાની રાહમાં બેસી રહ્યાં. એમની શાંતિનો યહ્યાએ ભંગ કરતાં મામુનને પુછયું: ‘‘હુઝુર! શું હું અબુ જાફરને કોઈ મસઅલો પુછું?’’ મામુને કહ્યું: ‘‘હા, તમારે આની રજા ખુદ ઈમામ પાસેથી મંગાવી જોઈએ.’’

પછી યહ્યાએ ઈમામને પુછયું: ‘શું તમે રજા આપો છો કે, હું તમને કંઈક પુછું?’

ઈમામે ફરમાવ્યું: ‘તમે જે પુછવા ચાહો, એ પુછી શકો છો.’

યહ્યાએ પુછયું: 'અહેરામની હાલતમાં જો કોઈ શખ્સ શિકાર કરે, તો તેના માટે શો હુકમ છે?' આ પ્રશ્નથી અંદાજો થાય છે કે, યહ્યા ઈમામ મોહમ્મદ તકી(અ.)ની ઈલ્મી બુલંદીથી તદ્દન અપરિચિત હતો. એ પોતાના અહંકારમાં એવું સમજતો હતો કે, આપ બાળક છે. કદાચ રોઝા – નમાઝના મસાઈલથી પરીચિત હશે, હજ કે એહરામ બાંધવાની હાલતમાં જે ચીજોની મનાઈ કરવામાં આવી છે, એનું જ્ઞાન તેમને કયાંથી હશે?

ઈમામ મોહમ્મદ તકી(અ.)એ એ પશ્રના જવાબમાં પ્રશ્રની દરેક બાજુઓ એવી રીતે અલગ અલગ વર્ણવી કે, મૂળ પ્રશ્રનો જવાબ આપ્યા વિના જ યહ્યા અને બીજાઓ પર આપની ઈલ્મી લાયકાતની છાપ બેસી ગઈ. યહ્યા અને આખી મહેફીલ અવાચક બની ગઈ. આપે એના પ્રશ્રના જવાબમાં જણાવ્યું: '' પ્રશ્ર ઘણો મોઘમ છે. જોવાનું આ છે કે, શિકાર કયાં

કરવામાં આવ્યો હતો? હિલમાં કે હરમમાં? શિકારી મસઅલાથી પરીચિત હતો કે નહીં? એણે ઈરાદા પૂર્વક જનાવરને મારી નાખ્યો કે ભુલથી જનાવર કત્લ થઈ ગયો? એ શખ્સ આઝાદ હતો કે ગુલામ? નાની વયનો હતો કે પુખ્ત વયનો? પ્રથમ વખતે આવું કર્યુ હતું  કે એ પહેલાં પણ આવું કરી ચુકયો હતો? શિકારકોઈ પક્ષીનો હતો કે કોઈ બીજાનો? શિકાર નાનો હતો કે મોટો? એ પોતાના કાર્ય પર આગ્રહ સેવતો હતો કે આઘાત અનુભવતો હતો? એણે રાત્રે અંધકારમાં યા છુપાઈને શિકાર કર્યો કે ધોળે દિવસે અથવા જાહેર રીતે? એણે ઉમરાનો અહેરામ બાંધ્યો હતો કે હજનો? જયાં સુધી આ બાબતનો ખુલાસો કરવામાં ન આવે, ત્યાં સુધી આ પ્રશ્ન અંગે કોઈ એક નક્કી હુકમ બતાવી શકાતો નથી.'

યહ્યા કંઈ બોલી ન શકયો, એટલે મામુને આપને કહ્યું: ''હવે આપ જ આ પ્રશ્ન અંગે ખુલાસો

કરો.'' આપે જે ખુલાસો કર્યો એનાથી સૌની ઉપર આપની ઈલ્મી લાયકાતનો સિક્કો બેસી ગયો.'' મામુને વધારે હુજ્જત પુરી કરવા માટે આપને કહ્યું: ''હવે આપ પણ યહ્યાને કોઈ પ્રશ્ન પુછો.'

ઈમામે યહ્યાની વિવેકસર રજા માંગી. યહ્યાએ કહ્યું: ''આપ જે કંઈ પુછશો એનો જવાબ જો હું જાણતો હોઈશ, તો આપીશ, નહીં તો આપથી જ એનો જવાબ જાણી લઈશ.''

ઈમામે પ્રશ્ન કર્યો, યહ્યાએ એનો જવાબ આપવા ખુલ્લી અશકિત વ્યકત કરી. પછી ઈમામે પોતે જ એ પ્રશ્નને ઉકેલ્યો. મામુનને પોતાની વાત ઉચ્ચ રહી એનો હર્ષ હતો, તેણે મજમાને સંબોધી કહ્યું: 'જુઓ, હું નહોતો કહેતો કે, આ એ ખાનદાન છે, જે અલ્લાહ તરફથી ઈલ્મનું માલીક બનાવવામાં આવ્યું છે. મેદનીએ એકી અવાજે મામુનને કહ્યું: ''

આપે જે કંઈ ફરમાવ્યું એ સાચું છે. ખરેખર ઈમામ મોહમ્મદ તકી(અ.)નો જોટો જડે એમ નથી.''

મામુને એ પછી જરાય ઢીલ વિના એજ મજમામાં પોતાની પુત્રી ઉમ્મે ફઝલના નિકાહ આપની સાથે કરી દીધા. નિકાહ પહેલાં જે ખુત્બો સામાન્ય રીતે આપણે ત્યાં પઢવામાં આવે છે, એ એજ છે કે જે ઈમામ(અ.)એ નિકાહ પ્રસંગે પોતાની જીભ મુબારક પર જારી કર્યો હતો. આજ યાદગીરી રૂપે તેને નિકાહ પ્રસંગે બાકી રાખવામાં આવ્યો છે. મામુને આની ખુશાલીમાં ઉદારતાથી કામ લીધું, લાખો રૂપિયાનો ખર્ચ કર્યો, ખેરાત કરી, જનતાને ઈનામો અપાયા.

## ૬. મદીના તરફ

નિકાહના લગભગ એક વર્ષ પછી ઈમામ મોહમ્મદ તકી(અ.) બગદાદમાં રહ્યાં. એ પછી મામુને આપને અને ઉમ્મે ફઝલને ભારે માન સાથે મદીના વિદાય કર્યા.

## ૭. ચારિત્ર્યઅને વિશિષ્ટતા

ઈમામ મોહમ્મદ તકી(અ.) ઉમદા ચારિત્ર્યના સ્વામી હતા. આ ચારિત્ર્યની સંપુર્ણતા રસુલ(સ.)અને આલે રસુલ(સ.)ની વિશિષ્ટતા છે. સૌ કોઈની સાથે નમીને મળવું, હાજતમંદોની હાજતો પુરી કરવી, સૌની સાથે બંધુત્વ રાખવું, ગરીબોને ગુપ્ત રીતે દાન આપવું, મિત્રો ઉપરાંત શત્રુઓ સાથેય સદવર્તન દાખવવું, ઈલ્મી ફૈઝને જારી રાખવો આપના જીવનની વિશિષ્ટતાઓ હતી.

જે દુનિયાવાસીઓને આપની ઉચ્ચ આત્મિકતા વિશે પુરેપુરો અંદાજો નોહતો, તેઓ એવું માનતા હતા કે, એક નાના બાળકના ભવ્ય મુસ્લિમ સલતનતના સમ્રાટના દામાદ થઈ જવાથી એમના જીવનમાં પરિવર્તન આવી જશે. વાસ્તવમાં આ હેતુ મામુનની સંકુચિત દ્રષ્ટિ સમક્ષ પણ હતો. બની ઉમય્યા કે બની અબ્બાસના સમ્રાટોને આલે રસુલ(સ.)ની જાતથી આટલો વિરોઘ નોહતો, જેટલો એમના ગુણોથી હતો. એમને જયારે જયારે એની જ ચિંતા રહેતી કે આત્મીય સુઘારણાનું જે કેન્દ્ર મદીનામાં સ્થપાએલું હતું અને જેની કિર્તી દૂર દૂર સુઘી પ્રસરેલી હતી, એનો કોઈ ને કોઈ રીતે અંત આવી જાય. આ માટે તેઓ ગભરાટમાં ઉપાયો વિચારતા હતા. ઈમામ હુસૈન(અ.) પાસેથી બયઅત માંગવી અને પછી ઈમામ રઝા(અ.)ને વલી અહદ બનાવવાની એમની બીજી રીત હતી. જેવી રીતે ઈમામ હુસૈન(અ.)એ

બયઅત ન કરી, તો એમને શહીદ કરી નાંખવામાં આવ્યા એવી જ રીતે ઈમામ રઝા(અ.)એ વલી અહદ હોવા છતાં રાજયના જે હેતુઓ હતા એના ઉપર અમલ ન કર્યો એટલે એમનેય ઝેર આપીને હંમેશ માટે ખામોશ કરી દેવામાં આવ્યા.

હવે મામુનની દ્રષ્ટિએ આ તક અત્યંત અમૂલ્ય હતી કે, ઈમામ રઝા(અ.)ના જાનશિન લગભગ આઠ વર્ષની વયના એક બાળક છે, જે ત્રણ વર્ષ પહેલા પિતાથી વિખૂટા પડી ચૂકયા હતા. રાજયની નીતિ કહી રહી હતી કે, એવા બાળકને પોતાના રંગ – ઢંગ પર લાવવાનું અત્યંત સરળ છે. અને રાજયને જે કેન્દ્રથી ભય છે એ કેન્દ્ર હંમેશ માટે ખામોશ થઈ જતાં રાજય પરથી ભય ટળી જશે.

મામુને ઈમામ રઝા(અ.)ને વલી અહદ બનાવ્યા પછી સાંપડેલી નિષ્ફળતાને હતાશ થવાનું કારણ ગણતો નોહતો, એટલા માટે કે ઈમામ

રઝા(અ.)નું  જીવન એક સિધ્ધાંત પર કાયમ થઈ ચુકયું હતું. એમાં પરિવર્તન આવી શકતું નોહતું, પરંતુ આઠ વર્ષની વયથી મહેલમાં રહેનારા એમના જાનશિનના જીવનમાં  તો પરિવર્તન આવી શકતું હતું!

સિવાય તે લોકોના જે આ હસ્તીઓની ખુદાદાદ કમાલાતને જાણતા હતા, બીજા લોકો મામુનના મંતવ્ય સાથે સહમત હશે જ, પરંતુ એમને અચંબો થયો કે, નવ વર્ષના બાળકે શહેનશાહના દામાદ થયા પછી પણ પોતાની કુટુંબીક પરંપરાઓને નહીં બદલતા નિકાહ પછી એમણે મહેલમાં રહેવાનો ઈન્કાર કર્યો. બગદાદમાં રહ્યા, તો ભાડાના મકાનમાં રહ્યા. નિકાહના એક વર્ષ પછી આપે હિજાઝ પાછા ફરવાની રજા આપવા મામુનને મજબુર કર્યો. બેટી નજર આગળથી દૂર થઈ, એનું દુ:ખ મામુનને સહન કરવું પડયું.

મદીના પાછા ફર્યા પછી ઘર પર ન તો કોઈ પહેરેદાર કે ચોકીદાર રહેતો ન કોઈને મુલાકાત માટે રોકવામાં આવતા. ઈમામ(અ.)ની બેઠક વધુ પડતી મસ્જીદે નબવીમાં રહેતી, જયાં મુસલમાનો હઝરતના વાએઝનો લાભ ઉઠાવતા, હદીસોનું વિવરણ પુછતાં. સાફ દેખાતું કતું કે, ઈમામ જાઅફરે સાદિક(અ.)ના જ જાનશીન છે, જે આ મસનદે ઈલ્મ પર બેસી હીદાયત કરી રહ્યા છે.

આપના પુર્વજોએ પત્નીઓને જે હદમાં રાખી હતી, એજ હદમાં આપે પણ ઉમ્મે ફઝલને રાખી. આપે જરાય પરવા ન કરી કે, ઉમ્મે ફઝલ એક સમ્રાટની પુત્રી છે. આપે એની હયાતીમાં હઝરત અમ્મારે યાસિરના કુળની એક મોહતરમ ખાતુન સાથે નિકાહ પણ કર્યા અને અલ્લાહે એની કુખથી જન્મેલા બાળકથી ઈમામતની નસ્લને બાકી રાખી. આ ખાતુન જ ઈમામ અલી નકી(અ.)ની મા હતા. ઉમ્મે ફઝલે

આ વિશે મામુનને ફરીયાદ કરી. મામુને જે કંઈ કર્યુ હતું એને નિભાવવું પડયું. એણે ઉમ્મે ફઝલને લખ્યું કે, મેં તારા નિકાહ અબુ જા'ફર સાથે એ માટે નથી કર્યા કે, એમના પર કોઈ હલાલે ખુદાને હરામ કરી દઉં, હવે આવી ફરીયાદ મને ન કરતી.

મામુને બેટીને ઉપરોક્ત જવાબ આપીને પોતાની થએલી નાલેશીને માત્ર ભુંસી હતી. આપણી સમક્ષ એવા દાખલાઓ છે કે, જો મઝહબી હેસીયતથી કોઈ માનનીય સ્ત્રી થઈ હોય તો એના જીવનમાં કોઈ બીજી સ્ત્રી સાથે નિકાહ કરવામાં આવ્યા નથી. જેમ કે પયગમ્બરે ઈસ્લામ (સ.) માટે જનાબે ખદીજા અને હઝરત અલી(અ.)માટે જનાબે ફાતેમા ઝહરા, પરંતુ વિશ્વ સમ્રાટની પુત્રીને આવી વિશિષ્ટતા આપવી માત્ર એટલા માટે કે, એ સમ્રાટની પુત્રી છે, ઈસ્લામના એ આત્મા વિરુઘ્ઘ હતું, જેના સંરક્ષકો આલે મોહમ્મદ(સ.) હતા. માટે ઈમામે

આથી વિરુધ્ધ વર્તનને અપનાવવાની પોતાની ફરજ ગણી.

## ૮. તબ્લીગ અને હિદાયત

આપ પ્રખર વકતા હતા. હજ પ્રસંગે એક મોટી મેદની સમક્ષ આપે એવી વિદ્વતાપુર્ણ તકરીર કરી કે લોકો દંગ રહી ગયા. એવી તકરીર કદી સાંભળી ન હોવાનું સૌને સ્વીકારવું પડયું.

ઈમામ રઝા(અ.)ના સમયમાં એક ગીરોહ એવો પેદા થયો હતો, જે ઈમામ મુસા કાઝીમ(અ.)ને જ છેલ્લા ઈમામ ગણતો હતો, એટલે કે આપની પછી ઈમામ રઝા(અ.)ની ઈમામતને માન્ય રાખતો ન હતો. આ ગિરોહને ''વાકેફયા''ના નામે ઓળખવામાં આવતો હોત. ઈમામ (અ.)એ આ ગિરોહમાં એવી રીતે તબ્લીગ કરી કે એમને એમની

માન્યતાથી તૌબા કરવી પડી. અને આપના જમાનામાં જ કોઈ એવો ન રહ્યો જે એ સિધ્ધાંતને માનતો હોય.

આપનાથી ઘણાં આલિમોએ તાલીમ લીઘી. આ પુર્વે જનાબે અમીર (અ.) પાસેથી મોટી સંખ્યાના આલિમોએ તાલીમ લીઘી હતી. બંનેના કથનોનો ખાસ  દરજજો છે. ઉલુહિયત અને તવહીદ વિશે આપના ખુત્બાઓ હજી પણ મૌજુદ છે.

## ૯. ઈરાકનો છેલ્લો પ્રવાસ

હિજરી સન ૨૧૮માં મામુને આ જગતથી કૂચ કરી. હવે એના મામાનો પુત્ર ભાઈ અને ઉમ્મે ફઝલનો કાકો મોઅતમીન, જે ઈમામ રઝા(અ.) પછી વલી અહદ થઈ ચુકયો હતો, ગાદીએ આવ્યો અને મોઅતસીમ બિલ્લાહ અબ્બાસીને નામે વિખ્યાત થયો. એના ગાદીએ આવતાની સાથે જ ઈમામ મોહમ્મદ

તકી(અ.) સંબંધે  ઉમ્મે ફઝલની ફરીયાદોની ગતિ વધી ગઈ. મામુને વિરોધ છતાં પોતાની વાતને રાખવા માટે ફરીયાદો પર લક્ષ આપ્યું નોહતું. બલ્કે હતાશાજનક જવાબોથી બેટીનું  મોં સીવી નાખ્યું હતું. પરંતુ મોઅતસીમે આ દાગને હૈયે સંગ્રહ્યો. એ ઈમામ (અ.)નો વિરોધ કરનારાઓમાં પહેલેથી સૌથી  મોખરે રહી ચુકયો હતો. હવે એની દ્રષ્ટિમાં ઉમ્મે ફઝલના ફરીયાદપત્રોનું  મહત્વ વધી ગયું. વળી ઈમામ (અ.)ની કિર્તીનો ડંકો ઈરાક સુધી પણ વાગવા લાગ્યો હતો. મોઅતસીમ આથી વિરોધ પર ઉતરી આવ્યો. એણે પોતાના રાજ અમલના બીજા જ વર્ષે આપને મદીનાથી બગદાદ તેડાવ્યા. ઈમામ(અ.) પોતાના પુત્ર હઝરત ઈમામ અલી નકી(અ.) અને એની વાલેદાને મુકીને બગદાદ ગયા.

# ૧૦. વફાત

બગદાદ આવ્યા પછી એક વર્ષ સુધી મોઅતસીમે આપની ઉપર કશું દમન કર્યું નહિ, પણ આ રીતે બળજબરીએ આપને બગદાદમાં રોકી રાખવા એ એક પ્રકારનું દમન જ હતું.

પછી એજ રીત આપના અંત માટે અપનાવવામાં આવી, જે આપના પુર્વજો સાથે અપનાવાઈ હતી. ૨૯ ઝીલ્કાદ હીજરી સન ૨૨૦ માં ઝેરથી આપની શહાદત થઈ. આપને હઝરત ઈમામ મુસા કાઝિમ(અ.)ના મઝાર પાસે દફનાવવામાં આવ્યા.

આમ 'કાઝમૈન' એટલે ગુસ્સાને ગળી જનારા બે જણની અંતિમ આરામગાહને કારણે વિખ્યાત થયું. હાલના સમયમાં સ્ટેશનનું નામ પણ જવાદૈન (બે જવ્વાદ એટલે ઉદાર) રાખવામાં આવ્યું છે.

# ૧૧. રઝવી સય્યદ

આ હકીકત છે કે, જેટલા સાદાતો 'રઝવી' કહેવડાવે છે, તેઓ વાસ્તવમાં તકવી છે એટલે કે હઝરત ઈમામ મોહમ્મદ તકી(અ.)ની ઔલાદ છે. જો ઈમામ રઝા(અ.)ની ઔલાદ ઈમામ મોહમ્મદ તકી(અ.) ઉપરાંત કોઈ બીજા પુત્ર દ્વારા થતે, તો વિશિષ્ટતા માટે તેઓ પોતાને 'રઝવી' કહેવડાવતે અને ઈમામ મોહમ્મદ તકી (અ.)ની ઔલાદ પોતાને ' તકવી' કહેવડાવતે,પરંતુ ઈમામ રઝા(અ.)નો વંશ માત્ર ઈમામ મોહમ્મદ તકી(અ.)થી આગળ વધ્યો અને ઈમામ રઝા(અ.)નું વ્યકિતત્વ અબ્બાસી સલ્તનતના 'વલી અહદ' હોવાને કારણે મુસલમાનોમાં વિખ્યાત થઈ ગયું હતું, એટલે બધી ઔલાદ હઝરત ઈમામ રઝા(અ.) સાથે સંબંધ જોડીને ઓળખાવા લાગી અને 'રઝવી'ના નામે વિખ્યાત થઈ.

# ૧૨. પરિચય

| | | |
|---|---|---|
| નામ | : | ઈમામ મોહમ્મદ તકી (અ.) |
| પિતા | : | ઈમામ અલી ઈબ્ને મુસા રઝા(અ.) |
| માતા | : | બીબી ખઝરાન ખાતુન |
| દાદા | : | ઈમામ મુસા કાઝિમ(અ.) |
| દાદી | : | બીબી નજમા ખાતુન |
| લકબ | : | તકી, જવ્વાદ, કાનેઅ, મુરતઝા, મુન્તખબ,મુખ્તાર,આલિમ વગેરે |
| કુન્નિયત | : | અબુજાફર, અબુફઝિલ, અબુઅલી |
| જન્મ | : | શુક્રવાર ૧૦ માહે રજબ હીજરી સન ૧૯૫ |
| જન્મ સ્થળ | : | મદીના મુનવ્વરા |
| વફાત | : | મંગળવાર, ૨૯ માહે ઝીલકાદ, હીજરી સન ૨૨૦ |
| દફનનું સ્થળ | : | કાઝમૈન (ઈરાક) |

વય : ૨૫ વર્ષ

અવલાદ : (દીકરા) ઈમામ અલી નકી(અ.)

અને મુસા.

(દીકરી) ફાતેમા અને અમામા

**રબ્બના તકબ્બલ મીન્ના ઈન્નક અન્ત સ્સમીઉલ અલીમ**

**અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદી વ આલે મોહમ્મદ**